

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નિશ્ચિત પ્રવાસીઓ હશે તો સીટ વેંચશું ક્યાં?*
*અને ગીર્દી જ નહીં થાય તો ખિસ્સાં ખેંચશું ક્યાં?*
*નાખશું ક્યાં પિચકારી ગોળ ડબ્બાની ચોખ્ખાઈમાં -*
*બે કલાકની સફરમાં હવે 'નજર' ખેંચશું ક્યાં ?*
*(બુલેટ પ્રવાસીની ચિંતાઓ)*

### હાઈકુ

*કરે છે તપ*
*હિંદુસ્તાં હિતમાં*
*તપસ્વી નેતા...*
*(શાતાની શુભેચ્છા, વંદન)*

*રાત પડી ને*
*ગુજ્જુ જગદંબાનો -*
*ઉગ્યો ઉમંગ...*
*(જય આદ્યા શક્તિ)*

### ચિંતન

**અમિત્રો દંજનીત્યામાયાત્તુ ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**દંડનીતિ શિથિલ બનવાથી શત્રુઓ સમર્થ બને છે.**

**રાજા જો કાયદો વ્યવસ્થા જાળવવામાં ઢીલો પડે તો દેશમાં છુપાયેલા આંતરિક શત્રુઓ માથું ઉંચકવા લાગે છે. આથી, રાજા દમન-નીતિ ભલે ના આચરે, પણ તેણે કઠોર દંડ-નીતિ નો કોઈ પણ હિસાબે ત્યાગ ના કરવો જોઈએ. કારણ કે આંતરિક શત્રુઓ સામેનું તેનું નરમ વલણ, દેશ બહારના વિદેશી શત્રુઓને આક્રમણ કરવાનું પ્રોત્સાહન આપે છે.**

**આજ કાશ્મીરની આંતરિક સુરક્ષાની ઢીલી નીતિ ને કારણે શસ્ત્ર-સજ્જ સેનાને પથ્થર મારા માટે ઝૂકવાનો વારો આવ્યો છે. કાયદો અને ન્યાયમાં જ્યારે શિથિલતા આવે ત્યારે દેશમાં માલ્યાઓ મહાલવા લાગે છે.**

### સુવિચાર

- જયારે તમને પ્રયત્ન કરવા પરિણામ ઓછું મળે તો સમજવું કે ઈશ્વરને તમારામાં હજી વધારે વિશ્વાસ અને અપેક્ષા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'શીખવું' એ જીવન પર્યંત ચાલુ રહેતી પ્રક્રિયા છે, એના તરફ કદી ઉદાસીનતા ન રાખવી - **જીવનસૂત્ર**
- કોઈને પાછળ ધકેલી દઈને પોતે આગળ હોવાનું સાબિત થવું એ દરિયામાં વરસાદ પડવા જેટલું નિરર્થક છે - **કાંતિ ભટ્ટ**
- મોટે ભાગે સુખ અને દુઃખ એ પરિસ્થિતિ કરતાં પસંદગી વધારે હોય છે - **સંત રોબિન**
- કશુક આપી શકવાની ક્ષમતા એ જ લોકોમાં હોય છે જે લોકો ભૂતકાળમાં કશુંક ગુમાવી ચૂક્યા હોય છે - **અખંડ આનંદ**
- નિયંત્રણ નહિ, નિયમન કરતાં કરતાં શીખો - **સ્ટીફન કોવી**
- આજનું ઔષધ : રોકાઈ ને આવતા પેશાબ માટે અંજીર ખૂબ ચાવીને ૧૫ દિવસ ખાવાથી રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

દોઢસો વરસ પહેલા દસ વર્ષના છોકરાને આઠેસ વરસની છોકરીના વેવિશાળ મા-બાપ નક્કી કરી નાખતા. આવા એક છોકરાનું વેવિશાળ નક્કી થયું. બાળકની માતા કોઈ નજીવા કારણસર વેવિશાળ તોડવા તૈયાર થઈ ગઈ. છોકરીની માતાથી કંઈક બોલાઈ ગયું હશે જેનું છોકરાની માને ખોટું લાગી ગયું હતું. છોકરાને આ વાતની ખબર પડી. છોકરાએ માતાને કહ્યું, 'સંબંધ તોડવા કેમ તૈયાર થયા છો??' માતાએ કહ્યું, 'તું હજી બાળક છે, તને આવી વાતમાં ખબર ન પડે.'

છોકરાએ કહ્યું, 'હું સમજું છું, તારા પોતાના માન-અપમાન ને ખાતર તું મારું અપમાન વેવિશાળ તોડવા માગે છે, આમ કરવાથી પેલી નિર્દોષ છોકરીનું અપમાન છે. અને જો સામે વાળા કોઈ સામાન્ય વાતમાં મારી સાથેનો વેવિશાળ સંબંધ ફોક કરી નાખતા તો તમને કેવું લાગત ? નિર્દોષ છોકરીને કોઈ વાંક ગુના વગર સજા કરવી વ્યાજબી નથી. અને ગમે તે થાય હું એ જ છોકરી સાથે લગ્ન કરીશ.' છોકરાના આગ્રહ આગળ માતાએ ઝુકવું જ પડ્યું. આ છોકરો મોટો થઈ દાદાભાઈ નવરોજી તરીકે ઓળખાયા. જેમણે દેશના આઝાદી જંગમાં પણ આગળ પડતો ભાગ લીધો હતો.

# યુનોમાં પાકિસ્તાનને ખુલ્લું પાડ્યું

### તંત્રીસ્થાનેથી...

કેટલીક વાર નેતાઓ ન કરી શકે એવી યાદગાર કામગીરી બ્યુરોક્રેટ્સ બજાવી જાણે છે. તાજેતરમાં આવી કામગીરી સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં યુનોમાં સ્થાયી મિશનમાં ભારતના ફર્સ્ટ સેક્રેટરી તરીકે ફરજ બજાવી રહેલાં મહિલા અધિકારી એનમ ગંભીરે કરી બતાવીને આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યુ છે અને પાકિસ્તાનને મોઢું બતાવવું ભારે પડે એવી સ્થિતિમાં મૂકી દીધું છે. નવાઝ શરીફ પાસે પૂરતી બહુમતી હોવા છતાં પનામા પેપર્સમાં એમનું અને પરિવારના સભ્યોનું નામ ખૂલતાં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે એમને વડાપ્રધાન પદેથી પદભ્રષ્ટ કરતાં નવા વરાયેલા એમની જ પાર્ટીના વડાપ્રધાન શાહિદ ખાકન અબ્બાસીએ યુનાઈટેડ નેશન્સ ખાતે આપેલી મેઈડન સ્પીચનો જડબાતોડ જવાબ આપતાં ભારતીય પ્રતિનિધિ એનમ ગંભીરે પાકિસ્તાનની કરમ કુંડળી રજૂ કરીને એને આતંકવાદનું પારણું સાબિત કરી દીધું. એમણે સ્પષ્ટ શબ્દોમાં રજૂઆત કરતાં કહ્યું છે કે કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને હંમેશાં રહેશે. પાકિસ્તાન ક્રોસ બોર્ડર ટેરરિઝમને સતત પ્રોત્સાહિત કરતુ રહ્યું છે અને કાશ્મીરમાં અશાંતિ ઊભી કરવાની કોશિશ કરતું રહ્યું છે, પરંતુ એથી કશું જ વળવાનું નથી. પાકિસ્તાન 'લેન્ડ ઑફ પ્યૉર ટેરર' બની ચૂક્યું છે. 'પાકિસ્તાન' શબ્દનો આખો અર્થ જ બદલાઈ ગયો છે - એ પાક ભૂમિને બદલે શુદ્ધ ત્રાસવાદી ભૂમિમાં પલટાઈ ચૂક્યું છે. એણે ઓસામા બિન લાદેન અને મુલ્લા ઓમર ઉપરાંત મુંબઈ બ્લાસ્ટના ગુનેગારોને આશ્રય આપીને પોત પ્રકાશી દીધું છે ત્યારે માનવ અધિકારોના સંરક્ષણના નામે ભાષણબાજી કરવાનો એને કોઈ જ અધિકાર રહેતો નથી. પાક વડાપ્રધાને એ જ જૂનો કાશ્મીર રાગ આલાપી લોકમત સંગ્રહની વાત કરી હતી અને ભારતીય લશ્કર 'આઝાદી' માટે ઝઝૂમતા કાશ્મીરીઓને ક્રૂર રીતે કચડી રહ્યું હોવાની તથા પૅલેટ ગન મારફત હજારો આંદોલનકારીઓની દૃષ્ટિ ઝૂંટવી લીધી હોવાનો આક્ષેપ કર્યો છે. એ સાચું કે જમ્મુ કાશ્મીરનો પ્રશ્ન દેશની આઝાદી જેટલો જૂનો છે. એટલું જ નહીં, પાકિસ્તાને વિભાજનના પહેલા દિવસથી જ હિંદુસ્તાનને દુશ્મન દેશ ગણી લીધેલ છે. પરંતુ આ મુદે સિમલા કરાર પછી પણ પાક નેતાઓ કે આર્મીનું વલણ બદલાયું નથી બલકે દિનપ્રતિદિન અપનાવાતી રહી છે. સિમલા કરાર મુજબ બેઉ દેશો કાશ્મીર પ્રશ્ન સામસામે બેસી સમજૂતીપૂર્વક ઉકેલશે અને ત્રીજો કોઈ દેશ એમાં માથું નહીં મારે એનો નિર્ણય લેવાયો હતો, છતાં પાકિસ્તાને એની આડોડાઈ સતત ચાલુ રાખી છે. એ વારંવાર ભારત સાથે સીધા યુદ્ધમાં ધોબીપછાડ ખાતું રહ્યું છે. બલકે એની પૂર્વ પાંખ એનાથી સ્વતંત્ર થઈ 'બાંગ્લાદેશ' બની ગયેલ છે. મિયાંભાઈ પડી ગયાં છતાં ટંગડી ઊંચી ને ઊંચી રાખે એમ અત્યાર સુધીના પાકિસ્તાનની નિષ્ફળ લોકશાહીના તમામ વડાપ્રધાન અને સરમુખત્યાર કાશ્મીર મુદ્દે ભારતની સામે ઝેર જ ઓક્યા કરતા હોય છે. આજે જયારે આતંકવાદના આશ્રયદાતા તરીકે પાકિસ્તાન દુનિયાભરમાં જાણીતું થઈ ચૂક્યું છે ત્યારે અને અમેરિકા જેવી મહાસત્તાએ પણ આ મુદ્દે એને અપાતી સહાય અટકાવી દીધી છે ત્યારે ફક્ત નસીબના જોરે વડાપ્રધાન બની ગયેલ અબ્બાસીનું અરુણ્ય રુદન હાસ્યાસ્પદ જ લાગે છે. હા, તેમ છતાં કાશ્મીરનાં અલગતાવાદી તત્ત્વોને એમનું સાચું હિત કોની સાથે છે, એ સમજાવવામાં ભારતીય નેતૃત્વ ઊણું ઊતર્યું છે તે કબૂલવું જ રહ્યું.

# નવરાત્રી : આધ્યાત્મિક ભક્તિનું અનેરૂ પર્વ



ભારતીય સંસ્કૃતિ ઉત્સવ અને તહેવારોની ભવ્ય પરંપરાથી સુશોભિત છે. આપણા બધા ઉત્સવો અને તહેવારો પોતાનો અલગ અને આગવો ઈતિહાસ ધરાવે છે.

નવરાત્રી ખાસ કરીને ગુજરાતી સંસ્કૃતિની આગવી ઓળખ તરીકે આજે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. નવ-નવ રાત સુધી ગરબા અને દાંડિયા રાસના માહોલથી આખું ગુજરાત અને શક્તિના રંગે રંગાઈ જાય છે.

નવરાત્રી આ રીતે ઐતિહાસિક, ધાર્મિક પરંપરા ધરાવતો તહેવાર છે. આ બધી ઘટનાઓ સ્થૂળ અર્થમાં આપણને અનેક શાસ્ત્રોમાં - પુસ્તકોમાં જોવા મળે છે. પરંતુ ખરા અર્થમાં સૂક્ષ્મ દૃષ્ટિએ જોઈએ તો રામ-રાવણ, નવ દિવસનું યુદ્ધ, રાવણનું મૃત્યુ, રામની જીત... આ બધું પ્રતિકાત્મક રૂપે જ છે. બ્રહ્માંડના કેટલાક ગ્રહોમાં પરિવર્તન થાય છે. સૂર્ય-ચંદ્ર અને પૃથ્વીની ગતિમાં સૂક્ષ્મ રીતે ફેરફારો થાય છે. બ્રહ્માંડ, ગ્રહો, સૂર્ય-ચંદ્ર, પૃથ્વીની ગતિ-ફેરફારો આપણા મન સાથે જોડાયેલા છે. આ કારણે આસો મહિનાની આરંભે નવરાત્રી સુધી ઉપવાસ, ભક્તિ-પૂજા, આરાધના કે અનુષ્ઠાન કરવાથી આવનાર વિઘ્ન આપોઆપ નાશ પામે છે અને મનને શંતિ મળે છે.

નવરાત્રીના નવ રાત આપણી અંદર રહેલા રાવણને - અસત્યને હાંકી કાઢવાની રાત છે. આખા વર્ષ દરમિયાન આપણી અંદર જેટલા અસત્યો પ્રવેશ્યા હોય, સ્થાયી થયા હોય એ બધાને આ નવ રાત સુધી મા શક્તિની સાચા મનથી ભક્તિ કરીને પૂજા-અનુષ્ઠાન-મંત્ર-જાપ કરીને, એકાગ્રચિત્તે ધ્યાન કરીને મનમાંથી હાંકી કાઢી મનને શુદ્ધ બનાવવાનો દિવસ છે એટલે જ 'અસત્ય ગમે તેટલું શક્તિશાળી હોય પણ તે સત્યને જીતી શકતું નથી.' અસત્યના પ્રભાવ ઘણા સમય સુધી રહે છે. પરંતુ અંતે તો 'સત્ય' જ સ્થાયી પ્રભાવી રહે છે. આપણા મનમાં સ્થાયી થવા મથતા અસત્યોને દૂર કરવા મનોમંથન તો થવાનું ! એ એક મનોયુદ્ધની પ્રક્રિયા છે. મનમાં ઉત્પન્ન થયેલો ભાવ, વિભાવ, વિકાર, વાસના, ઈર્ષ્યા, લોભ, કામ, મોહ, સ્વાર્થ, અહંકાર... આ બધા રાક્ષસરૂપી અસત્યનો આપણા જ મનમાં રહેલા 'સત્ય'ના શસ્ત્રથી હરાવવાની છે. હાંકી કાઢવાના છે. આસો મહિનાના આ જ નવ દિવસોમાં રામે પણ રાવણ સાથે યુદ્ધ કરવા માટે આ જ દિવસો પસંદ કરેલા કારણ કે આસો મહિનાના આરંભે અવકાશમાં ગ્રહોની ગતિ પણ એકબીજા સાથે તાદાત્મય ધરાવે છે અને વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલી બાબત છે.



### મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આમ નવરાત્રી એ ખરેખર આધ્યાત્મિક ભક્તિનું અનેરું પર્વ છે. આ નવ દિવસ-રાતમાં અધ્યાત્મ દ્વારા માનસિક શાંતિ મેળવવાની અનેરી તક મળી રહે છે.

આજે નવરાત્રી પર્વ વિશ્વ વિખ્યાત બની ગયું છે એને વ્યવસાયિક રૂપ આપવામાં આવ્યું છે. નવરાત્રીને કારણે કેટલાંય ગુજરાતી કલાકારો ભારતભરમાં પ્રસિદ્ધિ અને સમૃદ્ધિ પામ્યા છે.

ગુજરાતની ધીંગીધરા ઉપર ઊજવાતી નવરાત્રી ઉમંગ, ઉત્સાહ અને આનંદનો તહેવાર છે, સૂર, તાલ, લય અને સંગીતના સંગમનો તહેવાર છે. કેટલાક યુવા હૈયાઓમાં પ્રણયના પુષ્પો ખિલવતો મહાઉત્સવ ગુજરાતી સંસ્કૃતિને વિશ્વસમક્ષ રજૂ કરે છે, માટે આપણે યુવા પેઢીએ, કલબોએ, પાર્ટીઓએ - મંડળોએ, સર્વલોકોએ નવરાત્રીના ધાર્મિક ઉત્સવને એનું પારંપારિક ગૌરવ વધે એ રીતે ઉજવવો જોઈએ.

આ નવરાત્રી દરમિયાન આપણે આપણા ધન, દેહ, વૈભવ કે કલા શક્તિનું પ્રદર્શન નહીં પણ ભક્તિનું, આસ્થાનું શ્રદ્ધાનું પ્રદર્શન કરવાનું છે. એ બાબત ધ્યાનમમાં રાખીને નવરાત્રી ઉજવીશું તો આપણી ભાષાની, ધરતીની, સંસ્કારની, પ્રેમની અને ધર્મની સંસ્કૃતિનો સૂર્ય વિશ્વભરમાં કયારેય આથમશે નહીં.

# મા જગદંબાની આરતીની ખાસ વિશેષતાઓ



મા જગદંબાની આ આરતીની રચના સુરતના વડનગરા નાગર બ્રાહ્મણ શિવાનંદ સ્વામીએ સંવત : ૧૬૫૭માં કરી હતી. અત્યારે સંવત : ૨૦૭૩ ચાલે છે એટલે કે છેલ્લાં ૪૧૬ વર્ષથી સમગ્ર વિશ્વમાં જયા જયાં આરતી ગવાય ત્યાં એક જ ઢાળ - રાગમાં ગવાતી આવી છે એ પણ એક અજાયબી જ છે ; બોલો શ્રી અંબે માત કી જય.

આ આરતીમાં ૯ અંકનો સુંદર સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. આરતીમાં કુલ ૩૬ લીટીઓ છે, જય હો જય હો મા જગદંબા કુલ ૧૮ વખત બોલવામાં આવે છે; કુલ ૫૪ લિટીઓ બોલાય છે. આરતીમાં કુલ ૩૦૬ શબ્દો છે; ૬૧૨ અક્ષરો છે, નવ નવરાત્રિ કહેવાય છે. 'મા જગદંબાની આરતી' - એમાં પણ ૯ અક્ષરો છે. આરતીમાં નવમી તિથિ; નવકુળ નાગ - નો પણ ઉલ્લેખ છે, અને શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રી - નવદુર્ગા શબ્દ પણ છે. આરતી ઝડપથી ગાતાં ૯ મિનિટ અને ધીમેથી ગાતાં ૧૮ મિનિટ થાય છે. આરતીમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, રામ, રાવણ, બટુક, ભૈરવ, વરિષ્ઠ અને શિવાનંદ સ્વામી - એમ ૯ નો નામજોગ ઉલ્લેખ છે જયારે બ્રહ્માંડ, ત્રિભુવન, સચરાસર, સાત પાતાળ, ચુંવાળ, ત્રંબાવટી, કૈલાસ, નર્મદા અને ત્રિવેદી સંગમ - એમ કુલ ૯ સ્થળોનો પણ ઉલ્લેક છે ૯ એ પૂર્ણાંક છે. મા આદ્યશક્તિ સ્વયં પૂર્ણ છે ત્યારે બોલી જવાય છે :

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં, પૂર્ણાત્ પૂર્ણમ્ ઉદચ્યતે;
પૂર્ણસ્ય પૂર્ણમાદાય, પૂર્ણમ્ એવાવશિષ્યતે

મા જગદંબાની આ આરતીમાં મા અંબા માટે જે સંબોધનો કરેલ છે, નામોલ્લેખ કરેલ ચે છે તે કુલ ૩૮ નામોથી કરેલ છે. જેમ કે : આદ્યશક્તિ જગદંબે, શિવશક્તિ, મા, માતા, દયા, ત્રિવેણી, તારિણી, ચતુરા, નારી, નારાયણી, મહાલક્ષ્મી, ચર્તુભુજ, ગુણપદ્મા, સાવિત્રી, સંધ્યા, ગૌ,ગંગા, ગાયત્રી, ગૌરી,અષ્ટભુજાધારી, ગીતા, અધનાશિની, આનંદા, નવદુર્ગા, કાત્યાયની, કામા, કામદુર્ગા, કાલિકા, શ્યામા, રામા, બહુચર, અંબા, તુળજા, ચંડી, ચામુંડા, સિંહવાહિની અને કરુણા.

### પ્રસંગસર

પી.એમ. પરમાર

આ આરતીમાં અલગ અલગ રીતે કુલ ૨૦ સંખ્યાવાચક શબ્દોનો સુંદર પ્રયોગ થયો છે તે શબ્દ અને સમજૂતી આ પ્રમાણે છે : સૌ પ્રથમ પડવાની પૂનમ સુધીની ૧૫ તિથિઓ માની સ્તુતિ માટે લીધી છે. શિવ-શક્તિનાં બેઉ સ્વરુપ નમ્ર અને ઉગ્ર - ત્રણ સ્વરુપ : સાત્ત્વિક; રાજસિક અને તામસિક અનુક્રમે મહાસરસ્વતીજી; લક્ષ્મીજી અને મહાકાલી મા. ત્રિભુવન એટલે આકાશ - પાતાળ - પૃથ્વી. ત્રિદેવ એટલે બ્રહ્મા વિષ્ણુ, મહેશ અને ત્રિવેદી એટલે ગંગા, યમુના, સરસ્વતી.

માનું ચતુર્ભુજ - ચાર હાથવાળું સ્વરુપ, ચૌદિશા - પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ - પંચઋષિમાં અગત્સ્ય, દુર્વાસા, માર્કંડેય, વશિષ્ટ અને વેદવ્યાસજીનો સમાવેશ થાય છે. પંચદેવ એટલે શિવજી, આદ્યશક્તિ, ગણેશજી, વિષ્ણુજી અને સૂર્ય. પંચતત્ત્વ એટલે પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ અને આકાશ - પંચમહાભૂત - છઠ્ઠી તિથિઓ નારાયણી સ્વરુપ જે શંખ, ચક્ર, ગદા, ત્રિશૂળ, તલવાર, ધનુષ, તીર, વજ્ર, દંડ, પાશ, અક્ષમાળા, કમંડળ, ચર્મ, શક્તિ, પરશુ, પાનપત્ર, કમળ અને વરદ મુદ્રા - એમ ૧૮ આયુધધારી છે જેનું વર્ણન દેવી ભાગવતમાં છે તે પ્રગટ થયાં. આવાં નારાયણી સ્વરુપ મા જગદંબા આદ્યશક્તિને પ્રણામ.

સપ્ત પાતાળ એટલે અતલ, વિતલ, સુતલ, રસાતલ, મહાતલ, તલાતલ અને પાતાળ. અષ્ટભુજા એટલે આઠ હથોમાં ઘંટા, શૂળ, હળ, શંખ, મુશળ, ચક્ર, ધનુષ અને બાણધારી મા. નવકુળ નાગમાં શેષનાગ, તક્ષક, વાસુકિ, કર્કોટક, ધનંજય, કાલિચ, નહુષ, કુંજર અને મહાસર્પનો સમાવેશ થાય છે. દસ અવતાર એટલે મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, ગૌતમ અને કલ્કિ. એકાદશીમાં પાંચ જ્ઞાનેન્દ્રિય (આંખ, કાન, નાક, જીભ, ત્વચા); પાંચ કર્મેન્દ્રિય (હાથ, પગ, ગુદા, લિંગ, વાણી) અને મન - ઉપર સંયમની વાત છે. ચૌદશે ૧૪ રૂપ એટલે દુર્ગા, ભદ્રકાલી, વિજયા, વૈવી, કુમુદા, ચંડિકા, કૃષ્ણા, માધવી, માયા, નારાયણી, કન્યકા, ઈશાની, શારદા અને અંબિકા અને ૧૪ લોક એટલે ભૂ, ભુવઃ સ્વઃ મન, તપ, સત્યલોક અને ૭ પાતાળ (જેનો ઉલ્લેખ આગળ થઈ ગયો છે) નો સમાવેશ થાય છે.

# ફક્ત શિક્ષણ નહિ.... 'સલામતી' પણ જરૂરી છે...!

આગળની ડ્રાઈવર પાસેની સીટ પર બે, વચ્ચેની સીટ પર સામેસામે ૬ ની બદલે ઓછામાં ઓછા ૮ અને પાછળ સીએનજી બાટલાની ઉપર લગાડેલા પાટિયા પર બીજા ચારેક તો ખરા જ... ટોટલ ૭ કે ૮ ની ઓફિસિયલ મંજુરીવાળી વાનમાં ઠુંસી ઠુંસીને ભરેલા ઓછામાં ઓછા ૧૪ થી ૧૬ માસુમ ફૂલો.. જાણે કે ફાટફાટ થતો ગાભા-પોટલા ભરેલો કોઈ કબાટ..! એકાદું બારણું ખોલો ને કપડાના પોટલા બહાર ઢોળાઈ જાય બિલકુલ એવું જ...! સવાર સવારમાં તમારા આંખોના નુર એવા બાળકને લેવા આવતી સ્કુલવાનનો આ લગભગ દરેક જગ્યાએ જોવા મળતો સામાન્ય સીન છે...ઈનફેક્ટ આને જષ્ઠીહી નહિ પણ જૈહ કહેવું વધુ યોગ્ય રહેશે...! ભવિષ્યને ઉજાગર કરવા શાળાએ જતા બાળકની સલામતી સાથે ખિલવાડ તો આ વાન આવે ત્યાંથી જ શરુ થઈ જાય છે...! બાળકોની સલામતીનું રક્ષણ કરવા અને એના પર ધ્યાન આપવા કહેવા ખાતર પોલીસ, આરટીઓ અને શાળા સંચાલકો છે તો ખરા પણ આ બધા જ આંખ આડા કાન કરવામાં પણ એટલા જ અવ્વલ છે...એટલે તો દેશમાં ગુરગ્રામની રાયન ઈન્ટરનેશનલ સ્કુલમાં બનેલા હિચકારી બનાવ જેવા બનાવો બન્યા જ કરે છે...!

રાયન ઈન્ટરનેશનલ સ્કુલમાં ૭ વર્ષના પ્રદ્યુમન નામના બાળકની થયેલી હત્યાએ વધુ એક વખત મને તમને અને આખાયે દેશને વિચારતા કરી મુક્યા છે કે ઘરથી વિદ્યાજ્ઞાન માટે બહાર નીકળતું તમારું બાળક શાળા પહોચતા સુધીમાં અને શાળામાં ખરેખર કેટલું સલામત છે ? મસ્ત મજાનો યુનિફોર્મ પહેરીને કીલકીલાટ કરતુ સવારે નીકળેલું તમારું બાળક સાંજે કફન ઓઢીને તો પરત નહિ આવે ને એવી ફાળ દરેક વાલીઓમાં રહેતી જ હશે...! ગુરગ્રામની ઘટના તો એટલા માટે પણ વધુ નિંદનીય અને જઘન્ય છે કે ૭ વર્ષના પદ્યુંમ્નનું યૌનશોષણ કરાયાનું ખુલ્યું છે. શાળાઓમાં મારપીટ અને શિક્ષકો કે પછી સહાધ્યાયીઓ દ્વારા થતા અત્યાચારોના સમાચારો વારંવાર બહાર આવતા રહેતા હોય છે પણ આ યૌનશોષણ એ બધામાં વધુ નિંદનીય છે. શાળા સંચાલકોની જવાબદારીની વાત તો પછી કરીએ પણ એટલું તો વિચારો કે ૭ કે ૮ વર્ષના બાળક પર થયેલા આવા જઘન્ય કૃત્ય પછી એ બાળક પર અને એના વાલીઓ પર શું વીતતું હશે? હજારો – લાખો રૂપિયાની ફી આપતા વાલીઓ અને એટલી મસમોટી ફી વસુલતા સંચાલકોની કોઈ જવાબદારી છે કે નહિ ?

રાયન સ્કુલ જેવા બનાવો બને એટલે થોડા દિવસ હો હા થઈ પડે, એકાદ સંચાલક કે અપરાધીની ધરપકડ પણ થાય પણ અંતે થોડા સમય પછી બધું ઠંડુ પડી જાય – નેક્સ્ટ આવો બનાવ બને નહિ ત્યાં સુધી. આપણા દેશમાં શિક્ષણ એ વિદ્યાદાનની પવિત્ર પ્રવૃત્તિ કરતા પૈસા કમાવાનો ધંધો વધુ બની ગયો છે. સ્કુલમા એડમીશનથી લઈને યુનિફોર્મ, ચોપડાની ખરીદી, મસમોટી ફી જેવા ડગલે ને પગલે વાલીઓ લુંટાતા રહે છે. લાખ રૂપિયા જેવી ફી ભરીને બાળકને એડમીશન અપાવ્યા પછી મોટાભાગના વાલીઓ સ્કુલમાં શું સગવડતા છે અથવા તો એડમીશન વખતે સ્કુલે આપેલા વાયદાઓ મુજબની વ્યવસ્થા સ્કુલમાં છે કે નહિ અથવા તો એડમીશન વખતે જોવા મળેલી સગવડતાઓ આગળ જતા સ્કુલમાં ચાલુ છે કે બંધ છે એ જોવાની દરકાર કરતા નથી અને જો કરે છે તો પણ એમાં સાર્વત્રિક સહ્મ?તીનો અવકાશ બહુ હોતો નથી એનાથી થાય છે એવું કે એડમીશન વખતે શાળા સંચાલકે હાથમાં પકડાવેલા ગ્લોસી ફરફરિયાંમા લખવામાં આવેલી સગવડતાઓ કે સલામતી માટેની વાતો થોડા સમયમાં જ ફિસ્સ થઈની બંધ પડેલી કે કાર્યરત ના હોય એવું બને છે.

શાળામાં ભણવા જતા બાળક માટે સલામતી આજે સૌથી મોટો પ્રશ્ન હોવો જોઈએ. મોટાભાગની શાળાઓ એક તો પૈસાની લાલચમાં વધુ સંખ્યાવાળા ખીચોખીચ ક્લાસ ચલાવે છે એટલે આમ પણ શાળામાં બાળકને મળવાપાત્ર પ્રાથમિક સગવડતાઓ ઓછી થઈ જાય છે અને એમાં પણ સલામતી સૌથી મોટો ઈસ્યુ ગણી શકાય. શાળા શરુ થતી વખતે કે છૂટતી વખતે શાળાની આગળનો માહોલ જ ઘણું બધું કહી જાય છે. કહેવાતી સિસ્ટમેટીક અને શિસ્તબદ્ધ ગણાતી સ્કુલોમાં પણ આ બન્ને વખતે અંધાધુંધી અને અરાજકતા સાફ દેખાય આવતી હોય છે. લાયસન્સ વગર વાહનો લઈને શાળાએ આવતા લવરમુછિયા વિદ્યાર્થીઓ અને એના લીધે થતા અકસ્માતો આગવો પ્રશ્ન છે. જો કે આમાં વાંક વાલીઓનો વધુ છે. સંતાનને વાહન ચલાવવા માટે થતી કાયદેસરની ઉમર પહેલા બાઈક પકડાવી દેતા વાલીઓએ રોવાનો વારો જ આવે. શાળા સલામતી સપ્તાહો ઉજવાય છે પણ એની સફળતા માટે સંચાલકો અને પોલીસની સાથે સાથે વાલીઓએ પણ આવા હાનીકારક કાર્યો રોકવા આગળ આવવું પડે જેથી બાળકની સલામતી પર ઉભો થતો આ સૌથી મોટો પડકાર નિવારી શકાય.



### રજ્જળપાટ

અજય ઉપાધ્યાય

રહી વાત શાળાઓમાં બાળકની સલામતીની તો મોટાભાગની શાળાઓમાં ખાળે ડુચ્ચા અને દરવાજા મોકળા જેવો ઘાટ હોય છે. સિક્યુરીટીની નામે દરવાજે ડંગોરો લઈને બેઠેલા ખાનગી સિક્યુરીટીની એકાદ બે તકલાદી માણસો સિવાય કશું હોતું જ નથી. આજે જ્યારે ભારત ત્રાસવાદીઓના હીટલીસ્ટમા અગ્રસ્થાને છે ત્યારે રેઢા પડ જેવી શાળાઓ અને એનું ખોખલું સુરક્ષાતંત્ર ગંભીર મુદ્દો છે. સીસીટીવી ફરજીયાત હોવા છતાં તમારું બાળક ભણતું હોય એ શાળામાં તપાસ કરી લેવી, જો સત્તત કેમેરા ચાલુ હોય તો નસીબદાર બાકી રેયાન સ્કુલમાં બન્યું એમ અણીના વખતે જ એ બંધ હોવાના ચાન્સીસ વધી જવાના. દેખાદેખીની દોડમાં અને સંચાલકોના પ્રચારના બુન્ગીયામાં વાલીઓ આંખો બંધ કરીને બાળકને જે શાળામાં એડમીશન અપાવે છે એ જ શાળામાં થોડા અમય પછી સલામતીને નામે રેયાન સ્કુલ જેવા બખડજન્તર બહાર આવે ત્યારે આગે ખાઈ પીછે કુઆ જેવી સ્થિતિ સર્જાઈ છે. એડમીશન અને એ પણ પ્રતિષ્ઠિત સ્કુલમાં એડમીશન એ અત્યંત અમુલ્ય અવસર ગણાય છે એટલે ભાગ્યે જ એવા જુજ વાલીઓ હશે કે જે આવી અસલામત સ્કૂલમાંથી બાળકનું એલસી કઢાવીને બીજે ભણવા મુકે...!

જો કે બીજે એટલે ક્યાં ? આ સવાલ અઘરો છે એટલે મોટાભાગે તો એ જ સ્કુલ ટુ બી કંટીન્યુ કરવી પડે. પણ અહી સવાલ એ છે કે ૭-૮ વર્ષના માસુમ બાળકોની સલામતીની જવાબદારી સો એ સો ટકા શાળા સંચાલકોની જ હોવી જોઈએ. હા ઘણા એવા મુદ્દા છે જેમાં વાલીઓની પણ ફરજ છે પણ એ મોટાભાગના મુદ્દા સ્કુલ બહારની દોસ્તી કે રખડપટ્ટી પૂરતા સીમિત છે જ્યારે શાળાની અંદર બાળક સલામતી અનુભવે એ જોવું સંચાલકનું કર્તવ્ય છે. અણઘડ શિક્ષકો અને એમના દ્વારા થતા બાળકો પરના અત્યાચાર આયે દિન છાપાઓની સુરખી બનતા જાય છે એ ઉપરાંત રેયાન જેવા બનાવો અતિ ગંભીર છે. બધી જ શાળાઓમાં આવું લોલમલોલ ચાલે છે એવું નથી પણ આવ સમાચારો વધુ ને વધુ આવતા જાય છે એ કડવી હકીકત છે અને આ ખાલી માસુમ બાળકોની વાત નથી કેમકે યુનિસેફના રિપોર્ટ મુજબ દુનિયાભરમાં ૬૫ ટકા જેટલા બાળકો સ્કૂલોમાં યૌનશોષણનો શિકાર બની રહ્યાં છે, જેમાં ૧૫થી ૧૮ વર્ષનાં બાળકો ની ટકાવારી ૩૪% જેટલી છે. મતલબ કોલેજોમાં પણ આ જ માહોલ છે. ભારતના આંકડા પર નજર નાખીએ તો સરકારી રીપોર્ટ મુજબ દરેક ત્રણમાંથી બે બાળકો યૌનશોષણનો શિકાર બનતાં હોય છે. રાષ્ટ્રીય બાળઅધિકાર સંરક્ષણ આયોગના રિપોર્ટ મુજબ છેલ્લાં ત્રણ વર્ષમાં શાળાની અંદર બાળકો સાથે મારઝૂડ, યૌનશોષણ અને હત્યા જેવી ઘટનાઓમાં લગભગ ત્રણ ગણો વધારો નોંધાયો છે. આ આંકડાઓ ચોકાવનારા છે અને શાળાઓમાં સંચાલકોની દાનત, સીસીટીવી, સારી સિક્યુરીટી, પાર્કિંગ, સારા અને સક્ષમ શિક્ષકો, બાળકો સાથે પ્રેમભર્યો વ્યવહારની સાથે સાથે ઉપર લખ્યા એ દુષણો તમારા બાળકની શાળામાં તો નથી ને એ બાબતે દરેક વાલીઓએ જાગૃત થવું જ રહ્યું.